# ગાંધીઘર કછોલી

ગાંધીઘર કછોલી




ગાંધી વિચારધારા પ્રચાર, બધિર ઉત્કર્ષ અને અન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓનું સામયિક

તંત્રી : શ્રી મનોજકુમાર આર. નાયક　　સહતંત્રી : શ્રીમતી હેતલબેન ડી. નાયક

વર્ષ : ૩૫ મું　• ઓક્ટોબર – ૨૦૨૫　• અંક : ૨૦૬ થી ૨૧૦

वर्ष : ३५ वां　• अक्तुबर – २०२५　• अंक : २०६ से २१०



મુ.પો. કછોલી- ૩૯૬ ૩૭૦, રે. સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી, જિ. નવસારી (ગુજરાત).

ફોન : (૦૨૬૩૪) ૨૭૨૨૫૯, : ૯૯૭૮૬૭૨૨૫૯ (કાર્યાલય - સંચાલક)

કુમારશાળા : ૯૭૧૪૮૭૨૨૫૯, કન્યાશાળા : ૯૬૨૪૨૭૨૨૫૯

E-Mail : gandhigharkachholi@gmail.com　Website : www.gandhighar.org




સંસ્થાના આદ્યસ્થાપક
કર્મયોગી
સ્વ. કીકુભાઈ નાયક

## નૂતન વર્ષાભિનંદન

આગામી નૂતન વર્ષ આપને, આપનાં કુટુંબીજનો તથા આપનાં સ્વજનો અને મિત્રમંડળને સુખનો પ્રકાશ, સંતોષની વાટ અને સ્વાસ્થ્ય તથા સમૃધ્ધિની ઊર્જા ભરપૂર આપે એવી પ્રાર્થના. નવીન ઉત્સાહ અને ઊર્મિ સહ નવા વર્ષની સફર કરીએ. આપણા સહિયારા પ્રયત્નો, પુરૂષાર્થ અને અમુલ્ય યોગદાનથી જે આપણાં મુકબધિર બાળકો ઝાંખપભર્યા છે, તેને બળ આપીએ. પરમકૃપાળુ આપ સૌ પર આનંદ ઊમંગ વરસાવતા રહે એજ શુભકામના.

આપ સમા ઉદાર હૃદયી દાતા દ્વારા એમને સ્વાશ્રયી બનાવવાના અમારા પ્રયાસને ઊર્જા પ્રદાન થતી રહી છે અને હવે પછી પણ ઊર્જા પ્રદાન કરશોજ એવી શ્રધ્ધા સાથે નૂતન વર્ષનાં ખૂબ ખૂબ અભિનંદન !

પરમ કૃપાળુ આપને આરોગ્ય, ધન તેમજ દયાદાનની સમૃધ્ધિ સદા બક્ષતા રહે એજ પ્રભુ પ્રાર્થના.

**લિ. અમો છીએ. આપના**

| બળવંતરાય નાયક | સુરેશચંદ્ર દેસાઈ | ડો. જાગૃતિબેન દેસાઈ | મનોજકુમાર નાયક |
|---|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | માનદ્‌મંત્રી | સંચાલક |

તથા

**ટ્રસ્ટી મંડળ અને ગાંધીઘર સંસ્થા પરિવાર કછોલી**

દિવ્યાંગ વ્યક્તિને પણ સ્વમાનભેર જીવવાનો અધિકાર છે,
એમના આ અધિકારનું જતન અને સન્માન આપણી ફરજ.




સમયની ગતિ છે ન્યારી જોતજોતામાં ગાંધીઘર કછોલી સંચાલિત મુકબધિર (દિવ્યાંગ) નિવાસી કુમાર–કન્યા શાળા ૬૩ વર્ષની સફર ખેડી સ્વર્ણિમ પ્રકાશે પહોંચી છે. સ્વગસ્થ કીકુભાઈની ધીરજ, લગન, ખંત અને દિર્ધદ્રષ્ટિ રંગ લાવી છે. સંસ્થાને પગભર કરવા દેશ–વિદેશના દાતાશ્રીઓના આર્થિક સહયોગથી સંપૂર્ણ સુવિધા યુક્ત નૂતન કન્યાશાળા, છાત્રાલય અને દવાખાનાનું મકાન તૈયાર કરી શકયા છે. અને ચાલુ વર્ષમાં મુકબધિર કુમારો માટે અદ્યતન ભોજનાલય અને રસોડાનું બાંધકામ કાર્યરત છે. જેમાં સહભાગી થવા ભાવભીનું ઈજન છે. આપના હૃદયેચ્છાની વાટ સંકોરવાની શકિત તેમજ ઉદારતા માટે પરમકૃપાળુને પ્રાર્થના.

## ગાંધીઘર કછોલીના આદ્યસ્થાપક કીકુભાઈ નાયકની ૨૦ મી પુણ્યતિથિ તા. ૬–૪–૨૦૨૫ ના રોજ ઉજવાઈ. પાંચ સમાજસેવીઓને પુરસ્કાર એનાયત કરી અભિવાદન કરાયું



ગાંધીઘર કછોલીના આદ્યસ્થાપક અને સંવર્ધક દિવંગત કીકુભાઈ ગુલાબભાઈ નાયકના વીસમા સ્મૃતિપર્વે પાંચ સમાજસેવીઓને પુરસ્કાર એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્મૃતિ પર્વ સમારોહના મુખ્ય મહેમાનપદે વડોદરા એમ. એસ. યુનિવર્સિટીના પોલિટિકલ સાયન્સ વિભાગના વડા પ્રો. અમિતભાઈ ધોળકિયા અને શાંતિમંદિર મગોદના સ્વામી કોમલાનંદજી બિરાજ્યા હતા. ગાંધીઘર કછોલીના માનદ્ મંત્રી ડો. જાગૃતિબેન દેસાઈએ સૌને આવકાર્યા હતા. તેમણે સ્વ. કીકુભાઈ નાયકના ગુણસંકિર્તન દ્વારા તેમને સ્મરણાંજલિ અર્પી હતી. કી.ગુ.નાયક ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ અનિલભાઈ નાયકે સંસ્થાના ઈતિહાસ અને સંસ્થાની સિદ્ધિઓની ઝાંખી કરાવી હતી. આ પ્રસંગે ધરમપુર ખોબાના લોક મંગલમ ચેરિટેબલ ટ્રસ્ટના નીલમભાઈ પટેલ, અમદાવાદના બધિર સેવા ક્ષેત્રના શ્રેષ્ઠી કેતનભાઈ શાહને સ્વ. કીકુભાઈ નાયક પુરસ્કાર એનાયત કરી અભિવાદન કરાયું હતું. ઉપરાંત બાળ કલ્યાણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરનાર નવસારી જિલ્લાના પીનલબેન પટેલ, વલસાડ જિલ્લાના શીતલબેન ગાડર અને ડાંગ જિલ્લાના જાગૃતિબેન સાવંતને પણ સન્માનિત કરાયા હતા. સ્વામી કોમલાનંદજીએ તથા પ્રો. ડો. અમિતભાઈ ધોળકીયાએ ગાંધીઘર કછોલીની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેઓએ સ્વ. કીકુબાપાના જીવનમાંથી સમર્પણભાવ, ત્યાગભાવના, કર્તવ્યનિષ્ઠા, નિઃસ્વાર્થ સેવા, પ્રમાણિકતા અને સૌને સાથે લઈને ચાલવાની વૃત્તિ સાદગી જેવા સદગુણો આજની પેઢીમાં આવે તેવી ભદ્રભાવના વ્યકત કરી હતી. જરૂર પડયે આર્થિક રીતે મદદરૂપ થવાની ખાતરી ઉચ્ચારી હતી. પાંચેય સમાજસેવીઓએ સન્માનના પ્રતિભાવમાં સંસ્થાની સિદ્ધિઓને બિરદાવી હતી. આ પ્રસંગે સંસ્થાના મૂકબધિર બાળકોએ બામ્બુ ડાન્સ, ગરબો અને રામનવમી નિમિત્તે ‘‘હમ કથા સુનાતે...’’ જેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી


ભાવથી આવ્યા હોય તો પ્રેમ કરજો, અભાવથી આવ્યા હોય તો મદદ કરજો.

દર્શકોને અભિભૂત કરી દીધા હતા. સંસ્થાના સંચાલક મનોજકુમાર નાયકે સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે સામાજિક, શૈક્ષણિક તથા ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને દિવંગત કિકુભાઈ ગુલાબભાઈ નાયકને ભાવાંજલિ અર્પી હતી.

## કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર, નવસારી અને મુકબધિર (દિવ્યાંગ) કુમાર-કન્યાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો





કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર પ્રેરિત, નવસારી જીલ્લા યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીમાં નવસારી અને ગાંધીઘર કછોલીના કુમાર-કન્યાશાળા થકી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૨૭-૦૩-૨૦૨૫ ના રોજ થયું. જેમાં ઉદ્દ્ઘાટક તરીકે શ્રીમતી રંજનીબેન હળપતિ સરપંચશ્રી ગ્રામપંચાયત કછોલી અને મુખ્ય મહેમાન તરીકે ડૉ. જગદીશભાઈ ટંડેલ ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત મંગલમય પ્રાર્થના અને દિપપ્રાગટયથી કરવામાં આવી અને આવકાર પ્રવચન સંચાલકશ્રી મનોજકુમારે કર્યું. ઈ. ચા. આચાર્યશ્રી સુનિલભાઈ પટેલે જણાવ્યું કે મુકબધિર (દિવ્યાંગ) બાળકોના પ્રશ્નો અને તેનું નિરાકરણ શિક્ષણની સાથે સાથે અન્ય પ્રવૃત્તિમાં એમની રૂચી અનુસાર પ્રવૃત્તિઓ કરાવશો તો એ ચોકકસ આગળ વધશે. આભાર વિધિ નવસારી જીલ્લા યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના વહીવટી અધિકારી અંજુબેન પરમારે કરી હતી ત્યારબાદ રાષ્ટ્રગાન ગવાયા બાદ કાર્યક્રમ સંપન્ન થયો.

## ગાંધીઘર કછોલી ખાતે નવસારી જિલ્લા કલેકટરશ્રી ક્ષીપ્રા એસ. આગ્રે સંસ્થાની મુલાકાતે પધાર્યા



| Date | Name & Address | Tel./Cell No. | Comments & Suggestions |
|---|---|---|---|
| 23/07/2025 | તાલુકાની મુલાકાત દરમિયાન સંસ્થાની મુલાકાત લેવાનો અવસર મળ્યો. આવી સંસ્થાઓ સરકારના થોડા સહાયમાં મોટી સેવાકીય પ્રવૃત્તી કરે છે. કિકુભાઈ અને પરિવારના કર્મયોગથી પ્રેરણા મેળવી. સંસ્થાને અભિનંદન. |  | Kshipra S. Agre (IAS) Collector Navsari |

ગાંધીજીના નિર્વાણ પછી ગાંધી સ્મારક નિધિ ન્યુ દિલ્હીનું ધ્યેય સમગ્ર ભારતમાં એકસો (૧૦૦) ગાંધીઘર ઉભા કરવાનું હતું. કછોલી સંસ્થામાં પણ ગાંધીજીના ઉદ્દેશ્યના જ કાર્યો થતા હતા. અને તેથી સંસ્થાને ૧૯૫૪ માં "ગાંધીઘર કછોલી" નામ મળ્યું.

એના ઉદ્દેશ ગાંધીજીએ સુચવેલી રચનાત્મક પ્રવૃત્તિઓ દિવ્યાંગ શિક્ષણ તાલીમ / પુનઃસ્થાપન આરોગ્ય વિષયક સેવાઓ થી કાર્યરત એવી ગાંધીઘર કછોલી સંસ્થાની મુલાકાતે જીલ્લા કલેકટરશ્રી તા. ૨૩/૦૭/૨૦૨૫ ના રોજ ખાસ મુલાકાતે પધાર્યા અને સ્વતંત્ર્ય સેનાની કીકુભાઈ નાયકના સ્મૃતિરૂમના દર્શન કર્યા. આ મુકબધિર (દિવ્યાંગ) બાળકો માટે સર્વાંગી વિકાસના કાર્યો થાય છે જે આવકારદાયક છે. સમગ્ર કેમ્પસની મુલાકાત લીધી અને આ દિવ્યાંગ બાળકો માટે સહાયભુત થવાનું જણાવ્યુ અને આ બાળકો વધુ ને વધુ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી.

# ગાંધીઘર કછોલી સંસ્થા ખાતે ૭૯ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થઈ અને બીલીમોરા ખાતે જીલ્લા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં કુમારશાળાના પ્રાથમિક વિભાગના બાળકોએ બાંબુડાન્સ રજુ કર્યો.






મુકબધિર (દિવ્યાંગ) બાળકોને શિક્ષણની સાથે સાથે સામાજીક, ધાર્મિક, રાષ્ટ્રીય તથા અન્ય પર્વનું મહત્વ સમજાવી એ પર્વને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન આ સંસ્થા ખાતે થાય છે. ગાંધીઘર કછોલી ખાતે શ્રી ભગુભાઈ એન દરજી પ્રમુખશ્રી આદિવાસી સંસ્કાર મંડળ, અજરાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. રાષ્ટ્રધ્વજ સૌની શાન છે. સર્વે સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કર્યા.

રાષ્ટ્રીય પર્વની ઉજવણી રાજય સરકાર દ્વારા વખતો વખત જીલ્લા કક્ષાએ ઉજવણી કરવામાં આવે છે. તા. ૧૫/૮/૨૦૨૫ના રોજ બીલીમોરા ખાતે ૭૯ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગ રૂપે નાણાં અને ઉર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદ્ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ થયો. જેમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગાંધીઘર કછોલી પ્રાથમિક વિભાગના કુમાર શાળાના વિદ્યાર્થીઓએ બાંબુડાન્સ રજુ કર્યો જે જોઈને ઉપસ્થિત તમામ સરકારી અધિકારીશ્રીઓ તથા પ્રેક્ષકગણોને મંત્રમુગ્ધ થયા હતા.

# ગાંધીઘર કછોલી ખાતે ૧૩મો ઓલ ગુજરાત વોલીબોલ ટુર્નામેન્ટ ઓફ ધી ડેફ યોજાયો.



ગાંધીઘર કછોલી તેમજ બધિરમિત્ર મંડળ કછોલીના સંયુકત ઉપક્રમે ગાંધીઘર કછોલી ખાતે બે દિવસીય વોલીબોલ ટુર્નામેન્ટ તા. ૨૫–૦૧–૨૦૨૫ અને ૨૬–૦૧–૨૦૨૫ ના રોજ ગાંધીઘર કછોલી ખાતે યોજાયો.

કાર્યક્રમ ની શરૂઆત તા. ૨૫–૦૧–૨૦૨૫ ના રોજ ઉદઘાટક તરીકે શ્રી રાકેશભાઈ દેસાઈ ધારાસભ્યશ્રી નવસારી, મુખ્ય મહેમાન તરીકે શ્રી ગમનભાઈ પટેલ, ચેરમેનશ્રી વસુધારા ડેરી આલીપોર, શ્રી અલ્પેશભાઈ પટેલ જીલ્લા રમતગમત અધિકારીશ્રી નવસારી તેમજ ઉપસ્થિત મહેમાનો સમગ્ર ગુજરાત રાજયમાંથી આવેલ ચોવીસ ટીમના ૨૩૦ સ્પર્ધકો, કોચ, મેનેજર અને ગુજરાત સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધી ડેફના પ્રમુખ શ્રી દિપકભાઈ શાહ, મંત્રીશ્રી વિરભદ્રસિંહ રાઠોડ, રાકેશભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી કેતનભાઈ શાહની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત કીકુભાઈ નાયકના સ્મારક આગળ મહેમાનો દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવી. ગ.કી.નાયક બધિર કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજુ કરાયું. પધારેલ મહેમાનોનું પૂષ્પગુચ્છ અને સ્મૃતિભેટ પુસ્તક દ્વારા સ્વાગત કરાયું. સ્વાગત પ્રવચન સંચાલક શ્રી મનોજકુમાર દ્વારા કરવામાં આવ્યું અને કીકુભાઈ ને યાદ કરીને કુમાર–કન્યાશાળાની નિવાસી શાળાની સ્થાપના અને બધિરમિત્ર મંડળની સ્થાપના કઈ રીતે થઈ એમનો ઉલ્લેખ કર્યો.


આપણા કર્મો આપણને હંમેશા સાથ આપે છે પછી સારા હોય કે ખરાબ.

બધિરમિત્ર મંડળના પ્રમુખશ્રી અનિલભાઈ નાયકે જણાવ્યું કે કીકુભાઈની દિઘદ્રષ્ટીને કારણે આ વિદ્યાર્થીઓને ફકત શિક્ષણ પુરતું સીમિત ન રાખતા એમના સર્વાંગી વિકાસ માટે કાર્યો કર્યા અને એમને પસંદ વિવિધ કાર્યો કર્યા. ધારાસભ્ય શ્રી રાકેશભાઈએ જણાવ્યું કે શ્રી કીકુભાઈ નાયક દ્વારા આ ગાંધીઘર સંસ્થા ખુબ જ ખ્યાતનામ છે. એમનો શ્રેય સમગ્ર ગાંધીઘર કછોલી સંસ્થાના ટ્રસ્ટી મંડળ, સંચાલકશ્રી, શાળા પરિવારને આભારી છે. આ બાળકો દિવ્યાંગ હોવા છતાં ખુબ આત્મનિર્ભર બને એવા કાર્યો થઈ રહ્યા છે. એજ રીતે ૧૩મો ઓલ ગુજરાત સ્પોટર્સ કાઉન્સિલ ઓફ ધી ડેફનો ગાંધીઘર કછોલી સંસ્થા ખાતે યોજાયો જે આપણા સૌને માટે ખૂબ ગર્વ છે. આવા કાર્યક્રમો દ્વારા મુકબધિર (દિવ્યાંગ) બાળકો આગળ આવી શકે એ માટે સૌને શુભેચ્છા પાઠવી હતી.

શ્રી કેતનભાઈ શાહ દ્વારા જણાવ્યું કે રાજય સરકારશ્રી દ્વારા તે વખતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિવ્યાંગો માટેનો સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજની શરૂઆત થતા આ દિવ્યાંગ બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. અને વિજેતા વિદ્યાર્થીઓના સીધા બેંકખાતામાં પુરસ્કારની રકમ જમા થાય છે. સમગ્ર યોજાયેલ સ્પર્ધાઓનો ખ્યાલ આપ્યો અને ગાંધીઘર કછોલીનો આભાર વ્યકત કર્યો.

મેદાન પર જઈને શ્રી રાકેશભાઈ દેસાઈ, શ્રી ગમનભાઈ પટેલ, શ્રી અલ્પેશભાઈ પટેલ તથા મેહમાનોની ઉપસ્થિતિમાં ટુર્નામેન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ વોલીબોલ સ્પર્ધામાં કુલ ચોવીસ ટીમોએ ભાગ લીધો. જેમાં બ. અને ઈ. નાયક મુકબધિર (દિવ્યાંગ) બાળકો અને નડિયાદ ટીમ સામે ફાઈનલ મેચ રમાય હતી તેમાં બ. અને ઈ. નાયક બહેરાં મુંગાની શાળાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો એજ રીતે અંડર ૧૬ ની ટીમ બ. અને ઈ. નાયક બહેરાં મુંગાની શાળા અને મમતા મંદિર નવસારી વચ્ચે યોજાય જેમાં બીજો ક્રમ બ. અને ઈ. નાયક બહેરાં મુંગાની શાળાએ પ્રાપ્ત કરેલ, બધિરમિત્ર મંડળ કછોલી અને ગાંધીનગરની ટીમ વચ્ચે ફાઈનલ મેચ રમાય હતી. જેમાં બધિરમિત્ર મંડળ કછોલીનો બીજો ક્રમ પ્રાપ્ત થયો હતો. રેફરીની સેવા બજાવનારનું સન્માન કરાયું.

ઉપસ્થિત મેહમાનો દ્વારા શીલ્ડ, પ્રમાણપત્ર મેડલથી સન્માનીત કરવામાં આવ્યા. આભાર વિધિ શ્રી ધર્મેશભાઈ નાયક દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંચાલકશ્રી મનોજકુમાર નાયક દ્વારા અને સંસ્થા પરિવાર થકી કરવામાં આવ્યું. આ સાથે કછોલીની ત્રણેય ટીમએ ગાંધીઘર કછોલી સંસ્થાનું નામ રોશન કરવા બદલ સમગ્ર શાળા પરિવાર અને ટ્રસ્ટી મંડળ, બાળકો, કોચ, મેનેજરને અભિનંદન પાઠવ્યા.

## ઓલ ગુજરાત સ્પોટર્સ કાઉન્સિલ અને ઓલ ઈન્ડિયા સ્પોટર્સ કાઉન્સિલ ઓફ ધી ડેફ આયોજીત ૨૭મી નેશનલ ડેફ વોલીબોલ સ્પર્ધા નડિયાદ ખાતે યોજાઈ.



ગાંધીઘર કછોલી સંસ્થા સંચાલિત બ. અને ઈ. નાયક બહેરાં મૂંગાની (દિવ્યાંગ) શાળા અને ગ.કી.નાયક બધિર કન્યા (દિવ્યાંગ) વિદ્યાલયના બાળકો નડિયાદ ખાતે તા. ૨૯–૦૮–૨૦૨૫ અને ૩૧–૦૮–૨૦૨૫ ના રોજ ત્રિદિવસીય મેજર ધ્યાનચંદના જન્મદિન નિમિત્તે નેશનલ સ્પોટર્સ ડે ની ઉજવણીના ભાગરૂપે ઓલ ગુજરાત સ્પોટર્સ કાઉન્સિલ અને ઓલ ઈન્ડિયા સ્પોટર્સ કાઉન્સિલ ઓફ ધી ડેફ આયોજીત ૨૭મી નેશનલ ડેફ સિનિયર ચેમ્પીયનશીપ અને ૧૦ મો નેશનલ ડેફ જુનિયર–સબજુનીયર ચેમ્પીયનશીપ વોલીબોલ સ્પર્ધાનું આયોજન નડિયાદ ખાતે સ્પોટર્સ કોમ્પલેક્ષ મરીડા ભાગોળ ખાતે કરવામાં આવ્યું કાર્યક્રમના ઉદ્‌ઘાટક પરમ પૂજય શ્રી રામેશ્વર દાસજી મહારાજ ચકલાસી, ઓલ ઈન્ડિયા સ્પોટર્સ કાઉન્સીલના સેક્રેટરી શ્રી જી. સુરેશકુમાર, જીલ્લા રમત ગમત વિકાસ અધિકારી શ્રી મનસુખભાઈ, જેકોન ઈન્ડસ્ટ્રીઝના મેનેજીંગ ડાયરેકટર શ્રી નિલેશભાઈ પરીખ, ફેડરેશનના પ્રમુખ શ્રી દિપકભાઈ અને સેક્રેટરીશ્રી વીરભદ્રસિંહની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન થયું.

સમગ્ર ભારત દેશમાંથી ૧૪ (ચૌદ) રાજ્યના ૩૫૦ ભાઈ–બહેનો ખેલાડીઓએ ભાગ લીધો. જેમાં ગાંધીઘર કછોલી કુમાર, કન્યા શાળાના ૧૦ મી નેશનલ વોલીબોલ ડેફ ચેમ્પીયનશીપ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં બ. અને ઈ. નાયક બહેરાં–મૂંગા (દિવ્યાંગ) શાળાના ૬ (છ) વિદ્યાર્થીઓ ભાગ લીધો અને ૧૮ વર્ષ થી અંદરના ખેલાડીની ટીમે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો અને ૧૬ વર્ષથી નાના છોકરાઓનો બીજો ક્રમ પ્રાપ્ત કર્યો અને ૧૬ વર્ષની અંદરની

કન્યાઓની ટીમે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો એ જ રીતે કન્યા શાળાના ૧૮ વર્ષથી નાના બાળકોની ટીમ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો આમ સમગ્ર વોલીબોલની સ્પર્ધામાં ગુજરાત રાજય, નવસારી જીલ્લાનું અને ગાંધીઘર કછોલીનું નામ રોશન કર્યું. તમામ સ્પર્ધકોને મેડલ, સર્ટીફીકેટ, ટ્રોફી નડિયાદના ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવી. જેમાં ૧૪ રાજયના કોચને પણ મેડલ અને સર્ટીફીકેટ આપી સન્માનિત કર્યા.

ગાંધીઘર કછોલી શાળાના શિક્ષક શ્રી નિમેષભાઈ નાયકા, જાગૃતિબેન આહિર, રશ્મિકાબેન દેસાઈ સ્થળ પર હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ સિધ્ધિ બદલ ગાંધીઘર કછોલી સંસ્થા પરિવાર અને ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા.

## ગાંધીઘર કછોલી સંસ્થા ખાતે તા. ૦૨-૦૭-૨૦૨૫ ના રોજ (દિવ્યાંગ) મુકબધિર કુમાર-કન્યા શાળા નો ૬૪ મો સ્થાપના દિન અને પ્રવેશોત્સવ યોજાયો



ગાંધીઘર કછોલીના સ્થાપક આદ્યસ્થાપક પ્રમુખ સ્વ. શ્રી કીકુભાઈ નાયક દ્વારા સને ૧૯૬૨ થી કાર્યરત (દિવ્યાંગ) મુકબધિર કુમાર-કન્યા શાળાના ૬૪ મા સ્થાપના દિન અને નવા પ્રવેશ લીધેલ કુમાર-કન્યાનો પ્રવેશોત્સવ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નિર્મલભાઈ ચૌધરી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી નવસારી અને અતિથિ વિશેષ તરીકે શ્રી જયદીપભાઈ ચૌધરી સમાજ કલ્યાણ અધિકારી શ્રી વિકસીતજાતી નવસારી, રોટરી કલ્બના પમુખશ્રી પરીમલભાઈ આઈ. નાયક, પરીમલભાઈ ડી. નાયક લાયન્સ કલ્બ ઓફ અમલસાડના પ્રમુખ શ્રી કવીનભાઈ નાયક તેમજ ગામના અગ્રણી પ્રફુલાબેન નાયક, ભરતભાઈ નાયકની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું. ગ. કી. નાયક બધિર કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કરાયું. પ્રાસંગિક ઉદ્બોધન અને સ્વાગત સંચાલકશ્રી મનોજકુમારે કર્યું. શાળાની સ્થાપના કાળથી આજ દિવસ સુધીની માહિતી આપી અને જેતે સમયના દાતાશ્રીઓ, ગ્રામજનો, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષકગણ સંસ્થા પરિવારના સહયોગથી શાળા, સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે તેનો ગર્વ છે. પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરાયું નવા પ્રવેશ લીધેલ બાળકોને શૈક્ષણિક કીટ, સ્કુલ યુનિફોર્મ મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષના હસ્તે આપવામાં આવ્યા. જીલ્લા સમાજ સુરક્ષા શ્રી નિર્મલભાઈ એ પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું કે જયારથી નવસારી જીલ્લા ખાતે સમાજ સુરક્ષા અધિકારી તરીકે પદગ્રહણ કર્યું છે. ત્યારે આ મુકબધિર (દિવ્યાંગ) બાળકો માટે સરકારશ્રીની જે કોઈપણ યોજના હોય તેનો સીધો લાભ મળે એ માટે હું સતત કાર્યરત છું અને આ બાળકો શિક્ષણની સાથે સાથે અન્ય પ્રવૃત્તિઓ માં ખૂબ અગ્રેસર હોય છે. જે માટે પણ પ્રોત્સાહન પુરુ પાડવાની ખાત્રી આપી હતી. એજ રીતે શ્રી જયદીપભાઈ ચૌધરી સાહેબે જણાવ્યું કે વિકસીતજાતી માટે સમાજકલ્યાણ વિભાગ માટે અનેકવિધ યોજનાઓ છે અને આ બાળકો મોટે ભાગે અંતરીયાળ વિસ્તારના છે જેનો સીધો લાભ મળે. જે માટે મારા વિભાગ તરફથી મળતા લાભો અપાવવા જણાવ્યું હતું. પ્રથમવાર સંસ્થાની મુલાકાત લેવાનું થયું. સ્વ. કીકુભાઈ ને યાદ કર્યા અને આવા જનસેવક દ્વારા પોતાનું ત્યજીને બીજા માટે કાર્ય કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... બાળકો દ્વારા પોતે તૈયાર કરેલી કૃતિઓ રજુ કરી અને ખૂબ આનંદનીય થયા. કાર્યક્રમના અંતે સાઈન લેન્ગવેજમાં રાષ્ટ્રગાન ગવાયા બાદ કાર્યક્રમ પૂર્ણ થયો.

## ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચત્તર માધ્યમિક શાળા ધો. ૧૨ સામાન્ય પ્રવાહ-૨૦૨૫ નું પરિણામ ૧૦૦% આવ્યું

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની માર્ચ ૨૦૨૫ માં લેવાયેલ પરીક્ષામાં ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચત્તર માધ્યમિક શાળા (મિશ્ર)નું પરિણામ ૧૦૦% આવ્યું. શાળાના ઉત્સાહી શિક્ષકો અને વિદ્યાર્થીની મહેનત થકી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થયું છે. જે બદલ ગાંધીઘર કછોલી સંસ્થા પરિવાર શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. તા. ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ શિક્ષક દિન નિમિત્તે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી નવસારી દ્વારા આયોજીત શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં નવસારી જીલ્લાની ધો. ૧૦ અને ધો. ૧૨ માં બોર્ડમાં ૧૦૦% રીઝલ્ટ વાળી શાળાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા. જેમાં ગાંધીઘર કછોલી સંચાલિત ઉ. મા. શાળા (મિશ્ર) ના આચાર્ય શ્રીમતી મિત્તલબેન પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું.

# ગાંધીઘર કછોલી સંચાલિત ડા. ગો. સાર્વજનિક દવાખાનું અને મ. ભી. પ્રસુતિગૃહ અને મહાત્મા આરોગ્ય કેન્દ્રના દવાખાના વિભાગમાં નીચે મુજબની સારવાર ખૂબ જ રાહત દરે મળે છે.

ગાંધીઘર કછોલી ટ્રસ્ટ સંચાલિત સને ૧૯૫૪ થી કાર્યરત ડા. ગો. સાર્વ. દવાખાનું અને મ. ભી. પ્રસુતિગૃહ – મહાત્મા આરોગ્ય કેન્દ્રના નવા અદ્યતન મકાનમાં કાર્યરત કરેલ છે. જેમાં દરરોજ જનરલ ઓ.પી.ડી.ની સાથે સાથે તાલુકા માનસિક આરોગ્ય કેન્દ્ર (બુધવારે અને શનિવારે) – અદ્યતન મશીનો દ્વારા આંખની તપાસ (બુધવારે) ચામડીના રોગોની તપાસ (દર શનિવારે) તથા અદ્યતન મશીનો દ્વારા દાંતની તપાસ (મંગળવારે અને શુક્રવારે) પણ ચાલુ કરેલ છે. જેમાં નિષ્ણાંત ડૉકટરશ્રીઓની સાથે સાથે સ્ટાફ નર્સ, ફાર્માસીસ્ટ, લેબ ટેકનીશ્યન, એટેન્ડેન્ટ અને આયાબેન સેવા બજાવે છે.

વિશેષ ઉપરોકત દવાખાનામાં ખૂબજ રાહત દરે દવા આપવામાં આવે છે. હાલમાં દવાખાનામાં દૈનિક સરેરાશ દર્દી ઓની સંખ્યા ૧૦૦ થી ૧૨૦ જેટલી થાય છે. અને લેબોરેટરી વિભાગમાં લોહીની તપાસ માસિક ૨૦૦ થી ૨૫૦ જેટલી થાય છે. અને જરૂર જણાયે દિવસ દરમ્યાન દર્દીને (ડે–કેર) ની સુવિધા સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી ઉપલબ્ધ રહેશે. આંખ વિભાગમાં અદ્યતન મશીનો દ્વારા આંખની તપાસ કરવામાં આવે છે. અને દાંત વિભાગમાં વિવિધ સગવડો જેવી કે દાંત સફાઈ, દાંતના મુળની સફાઈ (રૂટકેનાલ), ચાંદી તથા સિમેન્ટ પુરવા, ચોકટા કે ફિકસ દાંત બેસાડવાની સુવિધા ઉપલબ્ધ છે.

## ગાંધીઘર કછોલી દવાખાનામાં નીચે મુજબના ડૉકટરશ્રીઓ ફરજ બજાવે છે.

| જનરલ ઓ.પી.ડી. | દાંત વિભાગ | આંખ વિભાગ |
|---|---|---|
| **ડૉ. રાહુલ પટેલ (M.B.B.S.)**<br>સોમવાર થી શનિવાર<br>સવારે ૮ થી ૧૨ અને બપોરે ૨ થી ૫ | **ડૉ. ખુશ્બુ મોદી (B.D.S.)**<br>દર મંગળવારે સવારે ૯.૩૦ થી ૧.૦૦<br>દર શુક્રવારે સવારે ૯.૩૦ થી ૧.૦૦ | **ડૉ. દર્શનાબેન એમ. નાયક (DONS)**<br>દર બુધવારે બપોરે ૨.૩૦ થી ૩.૩૦ |
| **સ્કીન (ચામડી) વિભાગ** | **તાલુકા માનસિક આરોગ્ય કાર્યક્રમ** | **લેબ વિભાગ** |
| **ડૉ. મહેશ પી. ભક્તા**<br>(M.B.D.V&D)<br>ચામડી ગુપ્તરોગ અને લેપ્રસીના નિષ્ણાંત,<br>દર શનિવારે સવારે ૧૨.૦૦ થી ૧.૦૦ | **ડૉ. જીતેન્દ્ર નાનાવાલા**<br>(MDDPMFI) PGDHRM<br>દર બુધવારે સવારે ૯ થી ૧૧<br>દર શનિવારે બપોરે ૩ થી ૫ દરમ્યાન | **ચેતનાબેન ડી. પટેલ**<br>સોમવાર થી શનિવાર<br>સવારે ૮ થી ૧૨, બપોરે ૨ થી ૫.૩૦<br>હોમવિઝીટ વિઝીટ ચાર્જ રૂા. ૫૦/– |

મો.: ૯૮૨૫૧૭૨૨૫૯ ડે કેર સુવિધા – સમય સવારે ૯.૦૦ થી ૫.૦૦

**આપ સીધા બેન્ક માં પણ દાન જમા કરાવી અમોને ફોન અથવા ઈમેલ દ્વારા જાણ કરશોજી. જેથી આપને સમયસર રસીદ પહોંચાડી શકીએ.**

1. Union Bank of India - IFSC Code : UBIN0531090
   A/c. No. 310902010000011 (Kachholi Branch)
2. Bank of Baroda - IFSC Code : BARBODHAMDA
   A/c. No. 11510100000859 (Dhamdachha Branch)
3. SBI - Gandevi - IFSC Code : SBIN0001257
   A/c. No. 10714120405 (Indian Donor)
4. HDFC Bank - Gandevi - IFSC Code : HDFC0002122
   A/c. No. 01351450000374
5. SBI - FCRA Account
   A/c. No. 40237038186 - IFSC Code : SBIN0000691
   Swift Code : SBININBB104 (NRI Donor)

SCAN & PAY

**GANDHIGHAR KACHHOLI**
Ph. No.: (02634) 272259, 270759
Mob.: 099786 72259
E-mail : gandhigharkachholi@gmail.com
Website : www.gandhighar.org

### ગાંધીઘર કછોલી સંચાલિત

# જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર

દક્ષિણ ગુજરાતની લીલી હરિયાળી અને મન મૂકીને ખીલેલી કુદરતી વનરાજીઓની વચ્ચે ખળખળ વહેતી પૂર્વાભિમુખ અંબિકા નદીને કિનારે વાડીઓની વચ્ચે વસેલા કછોલી ગામની શોભામાં અભિવૃદ્ધિ કરતું ગાંધીઘર કછોલી સંચાલિત જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર આવેલું છે.

દેશને આઝાદી મળી ત્યારબાદ સ્વાતંત્ર સેનાનીઓને પૂ. મહાત્મા ગાંધીજીના આદેશ મુજબ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગામડાંને બેઠાં કરવાં કછોલી ગામનાં નિડર સ્વાતંત્ર સેનાની એવા સ્વ. કીકુભાઈ નાયક તથા તેમના સાથી મિત્રો દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે સમાજોત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી જેમાં નિસર્ગોપચાર કેન્દ્ર પ્રવૃત્તિ પણ શરૂ કરવામાં આવી. જેમાં આદ્ય સ્થાપક શતાયુ સ્વ. કીકુભાઈ નાયકનો મહત્વનો ફાળો રહ્યો છે.

## કેન્દ્રમાં આપવામાં આવતી સારવાર. (ઈન્ડોર રૂમની સુવિધા).

- આહાર ચિકિત્સા
- સૂર્ય સ્નાન / વરાળ સ્નાન
- ધ્યાન, પ્રાણાયામ, યોગ
- પિરામીડ થેરાપી
- કટિ સ્નાન
- એક્યુપ્રેશર
- મેગ્નેટથેરાપી
- કલર થેરાપી
- ઠંડાગરમ શેક
- વેઈટ મેનેજમેન્ટ
- ન્યુટ્રીસીટીકલ કન્સલટન્ટ
- સુજોક થેરાપી
- ડાન્સ મુવમેન્ટ થેરાપી
- ફાયર / કપીંગ થેરાપી
- શિરોધારા
- ફુલ બોડી મસાજ
- ફુલ બોડી એક્યુપ્રેશર
- રીફ્લેક્ષોલોજી
- માટી ચિકિત્સા/પટ્ટી
- કોલન ઈરીગેશન/એનીમા

**સંપર્ક સુત્ર ડૉ. ચિરાગ ગાંધી – મો.: ૭૦૯૬૦૦૪૦૯૬**


## ગાંધીઘર કછોલી ટ્રસ્ટી મંડળ

- શ્રી બળવંતરાય જી. નાયક – પ્રમુખ – કછોલી
- શ્રી સુરેશચંદ્ર એમ. દેસાઈ – ઉપ પ્રમુખ – બીલીમોરા
- ડૉ. જાગૃતિબેન એસ. દેસાઈ – માનદ્ મંત્રી – નવસારી
- શ્રી અતુલભાઈ અજમેરા – ટ્રસ્ટી – મુંબઈ
- શ્રી સુરેશભાઈ આર. પટેલ – ટ્રસ્ટી – ખડસુપા
- હીના મીલર – ટ્રસ્ટી – કછોલી
- શ્રી સંદિપ ડી. મહેતા – ટ્રસ્ટી – કછોલી
- ડૉ. અશોકકુમાર એમ. નાયક – ટ્રસ્ટી – ગણદેવી
- શ્રી જીજ્ઞેશભાઈ દેસાઈ – ટ્રસ્ટી – નવસારી
- ડૉ. અંકુર ડી. તલાવિયા – ટ્રસ્ટી – વલસાડ
- શ્રી જીતેન્દ્રકુમાર એન. નાયક – ટ્રસ્ટી – કોલવા


## ગાંધીઘર કછોલી ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- કન્યા સંસ્કાર મંદિર છાત્રાલય
- ડા.ગો. સાર્વજનિક દવાખાનું અને મ.ભી. પ્રસુતિગૃહ
- બળવંતરાય અને ઈન્દુબેન નાયક બહેરાં–મુંગાની શાળા પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૮), માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૦) (નોન ગ્રાન્ટેડ)
- દેવબાળ કુમાર છાત્રાલય • દેવબાળ કન્યા છાત્રાલય
- ઠાકોરભાઈ હરિભાઈ પટેલ અને ધ. ખુ. પટેલ આદિવાસી બાલવાડી
- ગજરાબેન કીકુભાઈ નાયક બધિર કન્યા વિદ્યાલય પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૮), માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૦) (નોન ગ્રાન્ટેડ)
- રોટરી કોમ્પ્યુટર સેન્ટર (આઈ.ટી.આઈ. માન્યતા પ્રાપ્ત ડી.ટી.પી. તાલીમ વર્ગ – ફક્ત બધિરો માટે)
- ગૌશાળા
- વિકલાંગ (દિવ્યાંગ) પુનઃવસન તથા માર્ગદર્શન કેન્દ્ર
- જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર શ્રી મોરારજી દેસાઈ કુદરતી ઉપચાર, પ્રચાર અને સંશોધન કેન્દ્ર
- ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચતર મા. વિ. બહેરાં–મુંગાની શાળા (દિવ્યાંગ (મિશ્ર) ધો. ૧૧–૧૨ નોન ગ્રાન્ટેડ)
- સંમિલિત શિક્ષણ યોજના (દિવ્યાંગો માટે ધો. ૧ થી ૧૨ નવસારી જિલ્લા માટે)
- 'ગાંધીજીવન' દર્શન–પ્રદર્શન


પ્રકાશક : માલિક : પ્રમુખશ્રી બળવંતરાય જી. નાયક
ગાંધીઘર કછોલી, મુ.પો. કછોલી, રે. સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી,
જિ. નવસારી. પીન : ૩૯૬ ૩૭૦. ફોન : (૦૨૬૩૪) ૨૭૨૨૫૯, ૨૭૦૭૫૯ : ૯૯૭૮૬૭૨૨૫૯
તંત્રીશ્રી : શ્રી મનોજકુમાર આર. નાયક મુ.પો. કછોલી. (પ્રત : ૨૦૦૦)
મુદ્રક : શ્રી ક્રિષ્ના ગ્રાફિક્સ, બીલીમોરા, મો.: ૯૯૨૫૧૦૦૬૬૩, ૯૯૭૯૬૭૦૬૭૫


નોંધ : આ અંકને આપ હમારી વેબસાઈટ (www.gandhighar.org) ઉપર વાંચી શકશો.